## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*વૃદ્ધ ને ગરીબ ઉમેદવાર ભારણ બને છે,*
*કપાય ટિકીટ, તો ગૂંલાટનું કારણ બને છે.*
*મારણ બને છે મત-વિભાજનનું કોમી-કૂટ -*
*ને 'ચાણક્ય' ની વણિકબુદ્ધિનું તારણ બને છે*

હાઈકુ

*વૈર-ભાવ, ને*
*સામાજિક અશાંતિ -*
*લાવે ચૂંટણી...*
*(લોકશાહીનાં ફળ)*

*કરે વાવણી -*
*ઘાસ ને અનાજની,*
*સમજુ ખેડૂ...*
*(પાટીદારો - બંને પક્ષમાં)*

### ચિંતન

***માયા કાર્યસ્તિરોભૂતો નૈષ આત્માનુભૂયતે ।***
***મેઘવૃંદૈર્યથા ભાનુસ્તથાયમહમાદિભિઃ ॥***

**ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**જેમ મેઘ મંડળથી ઢંકાઈ ગયેલો સૂર્ય અનુભવાતો નથી, તેમ આ આત્મા માયાનાં કાર્યરૂપ અહંકાર વગેરેથી ઢંકાઈ જવાથી અનુભવાતો નથી.**

**આત્મા એ પરમાત્માનો અંશ જ છે. શુદ્ધ - સાત્ત્વિક આચરણ ધરાવનાર સંત-સક્ત અંતે પરમાત્મામાં જ વિલીન થઈ જાય છે. મીરાંબાઈ દેહ સાથે જ દ્વારિકાધીશની મૂર્તિમાં સમાઈ ગયાં હતા. તુકારામને વિમાન લેવા આવ્યું હતું.**

**પરંતુ કેટલાક પામર આત્મા મારું-તારું, સ્વાર્થ-વ્યસન-વાસના જેવી માયામાં લપેટાઈ જાય છે તેથી જાતે જ પોતાનું સ્વરુપ ઓળખી શકતા નથી અને જીવને જીવડાં જેવી હાલતમાં મૂકી દે છે.**

### સુવિચાર

- વિદ્યા સમાન આ શરીરને શોભાવનાર બીજી કોઈ વસ્તુ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- કલામ એ નથી કે તમારે જોઈતું હતું એ તમે મેળવી લીધું,
  કમાલ એ છે કે તમારે જે જોઈતું હતું એ તમે બીજાને આપી દીધું - **દયાશંકર પટણી**
- જિંદગી મેં અગર બુરા વક્ત નહીં આતા તો... અપનોં મેં છુપે હુએ ગૈર,
  ઔર ગૈરો મેં છુપે હુએ અપને કભી નજર નહીં આતે - **બોધિવૃક્ષ**
- માનવી બહુ સ્વાર્થી છે. પસંદ કરે તો અવગુણ જોતો નથી અને
  નફરત કરે તો ગુણ જોતો નથી - **સ્નેહા પટેલ**
- શોધી જ લે છે બધાનું સરનામું..., નસીબને ખબર જ હોય છે,
  કોણ કયાં સંતાણું !!! - **અખંડ આનંદ**
- મિત્રવિહીન માણસ એટલે તારાવિહીન આકાશ - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : દિવેલીના પાનનો રસ પીવાથી તજા ગરમી મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મુલ્લા નસરુદ્દીનને ફાંસીની સજા થઈ. ફાંસીના માચડા ઉપર ચડવા માટે એક ખખડધજ લાકડાની સીડી ચડવાની આવી. મુલ્લાએ સાથે ઊભેલા સિપાઈને કહ્યું, 'આ સીડી ઉપર હું નહીં ચડું. મને લાગે છે કે આ સીડી કમજોર છે. આ સીડી પર ચડતાં હું પડી જાઉં તો મારા હાથપગ તૂટી જાય.' સિપાઈએ કહ્યું, 'પાગલ છે કે શું ? થોડી ક્ષણોમાં તારે ફાંસી પર ચડવાનું છે અને આટલી બધી હાથપગ ભાંગવાની દરકાર કરવાનું કારણ શું ?' મુલ્લાએ કહ્યું, 'આવતી ક્ષણોનો શું ભરોસો? કદાચ ફાંસીમાંથી બચી જાઉં તો મારે લંગડા થઈને નથી જીવવું. જયાં સુધી મરી ન જાઉં ત્યાં સુધી જીવવાની પૂરી કોશિશ કરી લઉં.' મુલ્લાએ કહ્યું, 'હા મારે કહેવાનું એટલું જ છે કે મારે ફાંસી જીવનનો એક પાઠ સાબિત થશે.' મેજિસ્ટ્રેટે પૂછ્યું, 'આટલો મોડો પાઠ શિખવાનો શો ફાયદો ?' મુલ્લાએ કહ્યું, આવતા જન્મમાં અત્યારે જે કારણોસર મને ફાંસીથી સજા થઈ છે તે કામ હું ફરીથી સંભાળીને કરીશ. આ પણ એક પાઠ છે મારા માટે.' આપણું મન આવું છે. કોઈ પણ કિંમતે જીવવું છે, ગળામાં ફાંસી લાગી ગઈ હોય ત્યારે પણ માનવી, આવનારા જન્મનું વિચારતો હોય છે.

# બ્રિટિશ પ્રધાનમંત્રીનો આવકારદાયક અભિગમ

**તંત્રીસ્થાનેથી...**

સો વર્ષ પહેલાં બૈસાખી, તા. ૧૩ એપ્રિલ, ૧૯૧૯ના દિવસે પંજાબની ધર્મનગરી અમૃતસરમાં જલિયાં વાલાબાગના પ્રવેશદ્વારને બંધ કરી દઈ ભેગી થયેલી જનમેદની પર જનરલ ડાયરે ક્રૂરતા પૂર્વક ગોળીઓનો વરસાદ વરસાવ્યો હતો. દુનિયાના ઈતિહાસમાં પ્રજા પર શાસન દ્વારા કરાયેલી ક્રૂરતાના કિસ્સાઓમાં અગ્રસ્થાને મુકાતી રહેલી આ ઘાતકી હત્યાકાંડની કલંકકથા એ બ્રિટિશ શાસનના ઈતિહાસની સૌથી મોટી શરમ ગણાતી રહી છે. આ હત્યાકાંડમાં સેંકડો પંજાબીઓએ જીવ ગુમાવ્યા હતા જેમાં સ્ત્રીઓ અને બાળકો પણ સામેલ હતા. જનમેદની પંજાબના નવા વરસની ઉજવણી પ્રસંગે એકત્ર થઈ હતી અને બ્રિટીશ શાસક વિરુદ્ધ ચાલી રહેલ આઝાદીની લડતના સેનાનીઓ એમાં સામેલ હતા. જનરલ ડાયરે બાગની નાકાબંધી કરીને સૈનિકોને સીધો જ ફાયરિંગનો હુકમ કર્યો, જેથી જીવ બચાવવા ઘણા લોકો બાગમાં આવેલા કૂવામાં ખાબકયા હતા. કૂવો લાશોથી ભરાઈ ગયો હતો. આ ક્રૂર ઘટના પછી આઝાદીની લડતમાં હિંસક પરિણામ ઉમેરાયું હતું અને અનેક નવજવાનોએ માથે કફન બાંધી આઝાદીના જંગમાં ઝંપલાવ્યું હતું. લાલા લજપતરાયની હત્યા થયા પછી ભગતસિંહ જેવા દેશભક્તોએ શહીદી વહોરી હતી. આ ઘટનાથી દેશ આખો ખળભળી ઊઠ્યો હતો. રવીન્દ્રનાથ ટાગોરે બ્રિટિશરાજ તરફથી મળેલ 'સર'નો ઈકબાલ પાછો ઠેલ્યો હતો. ઘણા વર્ષોથી ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ વચ્ચે સાનુકૂળ સંબંધો સ્થપાયા હોવા છતાં આ હત્યાકાંડ સંદર્ભે યુકે સરકાર માફી માગવાનો વિવેક નહોતી કરી શકી.

એમ તો રાણી એલિઝાબેથ દ્વિતીય અને પૂર્વ વડાપ્રધાન કેમરૂન આ સ્થળની મુલાકાત પણ લઈ ચૂક્યા છે અને બ્રિટિશ રાજ દરમિયાન બનેલી આ ઘાતકી ઘટના વિશે દિલગીરી પણ દર્શાવી ચૂક્યા છે, પરંતુ ભારતની પ્રજાની રીતસરની માફી માગવી જોઈએ એ મુદ્દે કોઈએ સ્પષ્ટ અભિગમ નથી અપનાવ્યો. કોન્ઝરવેટિવ પાર્ટીની વર્તમાન સરકારનાં વડાં થેરેસામે આગળ લેબર પાર્ટીના સાંસદો અને સવિશેષ ભારતીય મૂળના સાંસદોએ આ મુદ્દે માફી માગવા માટે દબાણ ઊભું કરતાં એમણે દિલગીરી દર્શાવતું નિવેદન વાંચીને વિવેક જરૂર દર્શાવ્યો છે, પરંતુ એ પણ માપી જેવા શબ્દનો પ્રયોગ કરવાથી તો દૂર જ રહ્યા છે. બ્રિટીશ શાસન એ ભારતીય જનજીવનને સૌથી વધુ પ્રભાવીત કરનારો સમયગાળો છે. ભારતને રાષ્ટ્રમાં ફેરવવાનું શ્રેય આપણે ન ઈચ્છીએ તો પણ બ્રિટીશ રાજને જ આપવું પડે. આધુનિક કેળવણી, ટ્રેન, ટપાલ વગેરે સેવાઓ પણ બ્રિટિશ રાજની દેન છે. પરંતુ ભારતના સ્વાભિમાન પરનો સૌથી ક્રૂર હુમલો પણ બ્રિટિશ રાજ દરમિયાન જ થયેલો છે. અઢારસો સત્તાવનના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામને ક્રૂરતાપૂર્વક કચડી નાખ્યા પછી ઘાંઘા થયેલા અંગ્રેજ હાકેમોએ જલિયાંવાલા જેવી કાયરતાપૂર્ણ હત્યાકાંડની ઘટનાને પણ અંજામ આપ્યો હતો. ન્યાય માટે વખણાતી બ્રિટનની અદાલતોએ જનરલ ડાયરના આ ઘાતકી કૃત્યને વાજબી ઠેરવીને ભારતના સ્વાભિમાન પર થયેલ ઘા પર મીઠું ભભરાવવાનું કામ કર્યું હતું. જલિયાંવાલાના શહીદોને એમની શહીદીની શતાબ્દિએ કોટિ કોટિ વંદન.

# અશોકની આઠમે

ચૈત્ર સુદ આઠમનો દિવસ હતો.

ઘટાદાર અશોકવૃક્ષને લાલચટક પુષ્પો આવ્યાં હતા. અશોકવાટિકામાં આ વૃક્ષનું વિશેષ મહત્ત્વ હતું. એમાં નીચે સીતા હતી. ફરતી પહેરગીર રાક્ષસીઓ હતી.

એકવાર એની સૌથી ઊંચી ડાળ ઉપર હનુમાન બેસી ગયા. રામનો સંદેશો આપવો હતો. હવે રાક્ષસીઓ થોડે દૂર હતી અને તેઓ ઘસઘસાટ સૂઈ ગઈ. હનુમાન માટે અનુકૂળતા ઊભી થઈ. તેઓ કોયલ જેવા કોમળ મધુર સ્વરે ગાવા લાગ્યા. રામનો જન્મ. સીતા વિવાહ, વનવાસ, રાવણ દ્વારા અપહરણ, રામલક્ષ્મણની સીતાશોધ, સુગ્રીવમિલન, આ સુગ્રીવનો હું મંત્રી છું. સમુદ્ર પાર કરીને આવ્યો છું.

સીતાએ ઉપર જોયું. એને આશ્ચર્ય અને આનંદ થયા. રામની પ્રશંસા સાંભળવા મળી. વિગતો પણ સાવ સાચી પણ આ તો નાનકડો વાનર હતો. હવે બીક લાગી. પરંતુ એની આંખમાં તો દયા અને સહાનુભૂતિ હતી. બીક તો જતી રહી.પણ ભ્રમણા થઈ. 'આ સ્વપ્ન તો નથી ને ?'

હનુમાન નીચે ઊતર્યા. થોડે દૂર પ્રણામ કરીને ઊભા રહ્યા. પછી વિનયપૂર્વક પૂછીને ખાતરી કરી લીધી કે 'આ રામની પત્ની સીતા જ છે.' પછી પોતાનો પરિચય આપ્યો. 'હું પવનપુત્ર હનુમાન છું. એમની આજ્ઞાથી જ આવ્યો છું.' હવે એ થોડા નજીક આવ્યા. એટલે સીતાને સંશય થયો. 'તું રાવણ તો નથી ને ? પહેલા સાધુ થઈને આવ્યો, હવે વાનર થઈને.' પછી તરત કહ્યું, 'તારી હાજરીથી મને પ્રસન્નતા છે. તું રાવણ તો નથી જ.'

હનુમાને બધી વિગતે વાત કરી.



'રામ અને લક્ષ્મણ તમારી શોધમાં હતા. રામ ખૂબ વિલાપ કરતા હતા. એ વાનરરાજ સુગ્રીવને મળ્યા. જટાયુ પાસેથી સમાચાર મળ્યા હતા. તમને રાવણ લઈ જતો હતો. ત્યારે તમે પર્વતના શિખર ઉપર ચાર વાનરોને જોયા; તેમાં હું હતો.'

સીતાને હવે ખરેખર આનંદ થયો. હનુમાને હવે એને વીંટી આપી. એના ઉપર રામનું નામ હતું. સીતાને - જાણે કે રામ પોતે મળ્યા હોય તેવો આનંદ થયો. એણે કહ્યું, એમને કહેજો, એક મહિનામાં જ મને છોડાવી જાવ' હનુમાને કહ્યું, 'હું તમને ખભે બેસાડીને લઈ જાઉં.' સીતાને ખાતરી થાય એટલે એણે પોતાનું કદ વિરાટ કરી બતાવ્યું. પરંતુ સીતા એ ના પાડી. 'રામ પોતે આવે, રાવણને હરાવે અને મને લઈ જાય એમાં એમનું આત્મસન્માન જળવાય.' રાવણે મને બે માસથી અવધિ આપી છે. એ કોઈનું માનતો નથી.'

હવે હનુમાનને વિદાય લેવી હતી.



અમર વારસો
ડો. રશ્મિકાન્ત મહેતા

એણે સીતાને વિનંતી કરી. 'રામને ખાતરી થાય એટલે મને કોઈ તમારી એંધાણી આપો. અને સંદેશ કહો.' સીતાએ હનુમાનને મોતી આપ્યું. ત્રણ એકદમ અંતરંગ પ્રસંગો કહ્યા અને રામને પ્રણામ તેમજ પોતાના દીકરા જેવા લક્ષ્મણને આશીર્વાદ કહ્યા.

હનુમાને સીતાની પ્રદક્ષિણા કરી, પ્રણામ કર્યા અને વિદાય લીધી.

ચૈત્ર સુત્ર આઠમે આ પ્રસંગ બન્યો. એવી પરંપરા છે. આ મેળાપ અશોકવૃક્ષની નીચે થયો. એટલે આ આઠમ અશોકાષ્ઠમી છે. આજે પણ કોઈ વિવાહિત સ્ત્રી અશોક વૃક્ષની નીચે, સીતા અથવા હનુમાનની પ્રતિમા અથવા છબી રાખીને પૂજા કરે; તો એનું શૌભાગ્ય અખંડિત રહે તેવી માન્યતા છે. આ દિવસે, કોઈ પણ વ્યક્તિ અશોકનાં પાંદડાંનો રસ પીવે; તો તે શુભ મનાય છે. શોક દૂર થાય છે.

# કયો દેશ મંદિરોના દેશ તરીકે જાણીતો છે?



ખજાનો
અનિલ પટેલ

## વિશ્વની ભૂગોળ

૧ 'પ્રેયરીઝ'નામના ઘાસના મેદાનો કયા દેશમાં આવેલા છે ?
(અ) અમેરિકા (બ) ઓસ્ટ્રેલિયા
(ક) પાકિસ્તાન **(ડ) કેનેડા**

૨ યુરાલ પર્વતમાળા કયા બે ખંડોને અલગ કરે છે ?
**(અ) એશિયા - યુરોપ** (બ) એશિયા- રશિયા
(ક) રશિયા - યુરોપ (ડ) અમેરિકા - યુરોપ

૩ કયો દેશ દક્ષિણના બ્રિટન તરીકે ઓળખાય છે ?
(અ) ઓસ્ટ્રેલિયા (બ) મલેશિયા
**(ક) ન્યૂઝીલેન્ડ** (ડ) સિંગાપોર

૪ વિશ્વમાં સૌથી લાંબી સરહદ ધરાવતો દેશ કયો છે?
(અ) અમેરિકા **(બ) કેનેડા**
(ક) ભારત (ડ) ઓસ્ટ્રેલિયા

૫ સોના માટે પ્રસિદ્ધ કિમ્બરલે ખાણ કયા દેશમાં આવેલ છે?
**(અ) ઝાઈરે** (બ) વેલ્સ
(ક) નાઈઝીરીયા (ડ) ચીલી

૬ યોકોહામા બંદર કયા દેશમાં આવેલું છે?
(અ) ચીન **(બ) જાપાન**
(ક) ઉ. કોરિયા (ડ) દ.કોરિયા

૭ કયું શહેર ભારતનું પીટર્સબર્ગ કહેવાય છે ?
(અ) રૂરકી (બ) કાનપુર
**(ક) જમશેદપુર** (ડ) લખનૌ

૮ કીલ નામની પ્રસિદ્ધ નહેર કયા દેશમાં આવેલી છે ?
(અ) બેલ્જિયમ (બ) ફ્રાન્સ
(ક) ઈટાલી **(ડ) જર્મની**

૯ સુવર્ણદીપ કયા દેશનું પ્રાચીન નામ છે ?
**(અ) જાવા** (બ) જાકાર્તા
(ક) સુમાત્રા (ડ) બ્રહ્મદેશ

૧૦ વિશ્વની સૌથી વધુ વ્યસ્ત વ્યાપારીક નદી કઈ છે ?
(અ) એમેઝોન (બ) નાઈલ
**(ક) રાઈન** (ડ) ઓરીનીરો

૧૧ કયા દેશમાં મધ્યરાત્રીએ સૂર્ય દેખાય છે ?
(અ) સ્કોટલેન્ડ **(બ) નોર્વે**
(ક) પોલેન્ડ (ડ) વેલ્સ

૧૨ કયો સમુદ્ર સૌથી વધુ ખારો સમુદ્ર છે ?
**(અ) રાતો સમુદ્ર** (બ) ભૂમધ્ય સમુદ્ર
(ક) કાળો સમુદ્ર (ડ) અરબી સમુદ્ર

૧૩ મોન્ટ્રીયલ શહેર કયા દેશમાં આવેલ છે ?
(અ) સ્વિત્ઝર્લેન્ડ (બ) ફ્રાન્સ
(ક) અમેરિકા **(ડ) કેનેડા**

૧૪ પોર્ટ સઈદ બંદર કયા દેશમાં આવેલ છે ?
**(અ) ઈજિપ્ત** (બ) ઈટાલી
(ક) ફ્રાન્સ (ડ) સાઉદી અરેબિયા

૧૫ કયો દેશ મંદિરોના દેશ તરીકે જાણીતો છે ?
(અ) ભારત **(બ) નેપાળ**
(ક) બ્રહ્મદેશ (ડ) થાઈલેન્ડ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૨ એપ્રિલ : વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ**
  - પૂર્વ ક્રિકેટર વિનુ માંકડનો જન્મદિવસ (૧૯૧૭)
  - અમેરિકાના પૂર્વ પ્રમુખ ફ્રેન્કલીન ડી રૂઝવેલ્ટનું નિધન (૧૯૮૫)
  - રશિયાના પ્રથમ અવકાશયાત્રી યુરી ગેગેરીનને અવકાશયાત્રા કરી (૧૯૬૧)
  - ડૉ. જાનાસને તૈયાર કરેલી પોલીયોની રસી સુરક્ષીત જાહેર કરાઈ (૧૯૫૫)
- **૧૩ એપ્રિલ : જલિયાંવાલા બાગ હત્યાકાંડ દિવસ**
  - ગાંધીમૂલ્ય નિષ્ઠ સામાજિક અને રાજકીય આગેવાન રતુભાઈ અદાણીનો જન્મદિવસ (૧૯૧૪)
  - શીખોના દશમા ગુરુ ગોવિંદસિંહે ખાલસા પંથનો પાયો નાખ્યો (૧૬૯૯)
  - અંગ્રેજો વિરુદ્ધ શસ્ત્ર સંઘર્ષ માટે ઈન્ડિયન રેડ આર્મીની સ્થાપના (૧૯૩૯)
  - અંતરીક્ષમાં પ્રથમ અવકાશયાત્રી તરીકે રાકેશ શર્માએ સિદ્ધિ મેળવી (૧૯૮૪)
  - જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરે નિર્દોષ લોકો પર ગોળીબાર કર્યો (૧૯૧૯)
- **૧૪ એપ્રિલ : ફાયર સેફટી ડે / ડો. આંબેડકર જયંતિ**
  - બાબા સાહેબ આંબેડકરનો જન્મ દિવસ (૧૮૯૧)
  - ગુલામોના મુક્તિદાતા અબ્રાહ્મ લિંકનનો જન્મદિવસ (૧૮૦૯)
  - પ્રથમ અંતરિક્ષ યાન કોલંબીયા ધરતી પર સકુશળ પાછું ફર્યું (૧૯૯૧)
  - ફિલ્મી ગીતોમાં પોતાનો અવાજ આપનાર શમશાન બેગમનો જન્મદિવસ (૧૯૧૯)
- **૧૫મી એપ્રિલ :**
  - 'મોનાલીસા'ના સર્જક મહાન ચિત્રકાર 'લિયો નાર્દો દ વિન્ચી'નો જન્મદિવસ (૧૪૫૨)
  - શીખ પંચના આધ્ય સ્થાપક ગુરુ નાનકની જન્મજયંતિ (૧૪૬૯)
  - ડાયાબિટીસની દવા ઈન્સ્યુલીન વેચાણ માટે જાહેરમાં મુકાઈ (૧૯૨૩)
  - ન્યૂયોર્કમાં પ્રથમ બોલતી ફિલ્મ રજૂ કરાઈ (૧૯૨૩)
  - આચાર્ય વિનોબા ભાવેએ ભુદાન આંદોલનની શરુઆત કરી (૧૯૫૦)
- **૧૬મી એપ્રિલ :**
  - ચલચિત્રનો સુપ્રસિદ્ધ હાસ્ય અભિનેતા ચાર્લી ચેપ્લિનનો જન્મદિવસ (૧૮૮૯)
  - સાહિત્યકાર ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ'નો જન્મદિવસ (૧૯૦૩)
  - મુંબઈ અને થાણે વચ્ચે પ્રથમ રેલગાડી દોડી (૧૮૫૩)
  - આકાશવાણી અમદાવાદ ખાતે રેડિયો સ્ટેશનની શરુાત થઈ (૧૯૪૯)
  - વિમાનના શોધક વિલ્બર રાઈટનો જન્મદિવસ (૧૮૬૭)
- **૧૭મી એપ્રિલ : વિશ્વ હિમોફેલીયા દિવસ**
  - બ્રિટીશ સૈન્યએ શ્રીરંગ પટ્ટમનો ઘેરાવ ચાલુ કર્યો (૧૭૯૯)
  - શેખ મુજીરહેમાનના નેતૃત્વમાં બાંગ્લાદેશની રચના થઈ. (૧૯૭૧)
  - ભારતના બીજા રાષ્ટ્રપતિ એસ. રાધાકિષ્ણનનું નિધન (૧૯૭૫)
  - ભારત દ્વારા બીજો રોહિણી ઉપગ્રહ તરતો મુકાયો (૧૯૮૩)
  - મહાન સ્પીનકર મુરલીધનનો જન્મદિવસ (૧૯૭૨)
- **૧૮ એપ્રિલ : વિશ્વ વારસાદિન**
  - ઉત્કાન્તિવાદના પ્રણેતા ચાર્લ્સ ડાર્વિનનું નિધન (૧૮૮૨)
  - ભારતત્ન ડૉ. પાંડુરંગ વામન કણોની પુણ્યતિથિ (૧૯૭૨)
  - ધોંડો કેશવ કર્વેની જન્મજયંતિ (૧૮૫૮)
  - પ્રખ્યાત વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈનસ્ટાઈનનો જન્મદિવસ (૧૮૫૫)
  - મિસ યંગ ઈન્ડિયા પૂનમ ધિલ્લોનનો જન્મદિવસ (૧૯૬૨)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાયેલ ફાયર બ્રાન્ડ નેતા શત્રુઘ્ન સિંહા કઈ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે ? જવાબ : પટનાસાહિબ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) આકાશ જી પટેલ : સે-૨૩ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૪) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૭) શિવાંગ બી. પટેલ : સરગાસણ (૮) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**રાહુલ ગાંધીએ અમેઠીની સાથે બીજી કઈ લોકસભા સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# જય આદ્યાશક્તિ... આરતીનું અર્થઘટન



રંગ-ઉમંગ
કાનન ઓઝા

નવરાત્રી કે અન્ય શુભ પ્રસંગે જયાં માતાજીની અર્ચના પૂજા કરવામાં આવે છે, ત્યાં અંબે માતાની આરતી 'જય આદ્યાશક્તિમાં...'નું ગાન અવશ્ય કરવામાં આવે છે. મોટા ભાગના લોકો અને નાના નાના ભૂલકાઓ, પણ આરતીનું ગાન કરે છે. આ ગાન શ્રદ્ધા ભાવથી કરવામાં આવે છે. નાના ભૂલકાંઓ પણ વડીલોને જોઈને આરતી કાલીઘેલી ભાષામાં ગાય છે. મારી કૉલેજમાં અને પાડોશમાં આ અંગે પૂછતાં માલુમ પડ્યું કે આરતીમાં વપરાયેલા શબ્દો કે શબ્દસમૂહના અર્થનો બધા લોકોને જાણકારી નથી. આ આરતીનું રસદર્શન નહિ પણ અર્થઘટન ભાવિકો સુધી પહોંચાડવું. જેથી હવે પછી આરતીનુંગાન કરશે ત્યારે તેમના શ્રદ્ધા-ઉત્સાહ અને આનંદમાં વધારે થશે.

માતાજીની આરતી 'જય આદ્યા શક્તિ...'ની રચના આજથી ૧૫૦ વર્ષ પૂર્વે સૂરતના નાગર ફળીયામાં રહેતા શિવાનંદ પંડ્યાએ કરેલ છે. તેઓ લગભગ ૮૫ વર્ષ જીવ્યા હતા અને ઘણી આરતીની રચના કરી હતી. આ આરતીમાં સમયાંતરે ફેરફાર થતો જોવા મળે છે. આ ફેરફાર શબ્દોમાં અને ઢાળમાં જોવા મળે છે. અર્થ એનો એ જ જોવા મળે છે. આમ છતાં પૂનમ પછીની પંક્તિઓ ફરીથી ઉમેરાઈ છે. પ્રથમ પંક્તિ 'જય આદ્યાશક્તિમાં....' જય આદ્યાશક્તિ, અખંડ બ્રહ્માંડ દીપાવ્યા, પડવે પ્રગટ થયા એટલે કે અખંડ બ્રહ્માંડ જેના દિવ્ય તેજથી પ્રકાશિત છે અને જેઓ નોરતાની સૂદ એકમે પ્રગટ થયા છે. એવા મા શક્તિ અંબાનો જય હો. બીજી પંક્તિ 'દ્વિતીયા બેય સ્વરુપ શિવશક્તિ જાણું, બ્રહ્મા ગણપતિ ગાયે હર ગાયે હર મા' બે સ્વરુપ એટલે પુરુષ અને પ્રકૃતિ, શિવ અને શક્તિ. બંને તારા જ સ્વરુપો છે. હેમા, બ્રહ્મા, ગણપતિ અને શિવ તારો મહિમા ગાય છે. ત્રીજી પંક્તિ 'તૃતીયા ત્રણ સ્વરુપ ત્રિભુવનમાં બેઠા, ત્રયા થકી તરવેણી, તુ તરવેણી મા...' ત્રણ સ્વરુપ એટલે મા સરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલી આ ત્રણ ભુવન પાતાળ આકાશ અને પૃથ્વી પર બિરાજમાન છે. ગંગા, યમુના તથા સરસ્વતી અને જ્ઞાન, ભક્તિ અને મોક્ષનો ત્રિવેણી સંગમ છે. ચૌથી પંક્તિ, 'ચોથે ચતુરા મહાલક્ષ્મી મા, સચરાચર વ્યાપ્યા, ચાર ભુજા ચહુદીશા, પ્રગટ્યા દક્ષિણમાં...' એટલે કે મહાલક્ષ્મીને સૌથી વધારે ચતુર ગણ્યા છે. આ મહાલક્ષ્મી વિવિધ સ્વરુપે સચરાસરમાં વ્યાપેલ છે. તેમની ચારભૂજા ચાર દિશા સમાન છે. અને તેમનો ભક્તિપંથ દક્ષિણમાં પ્રગટ થયેલો છે. પાંચમી પંક્તિ 'પંચમી પંચઋષિ પંચમી ગુણ પદ્મા, પંચસહસ્ર ત્યાં સોહિયે, પંચે તત્ત્વોમાં' અહીં પ્રથમ પંક્તિમાં પ્રાસ બેસાડવા રચયતા કેટલીક છૂટ લીધી છે. હકીકતમાં પંચઋષિની જગ્યાએ સપ્તર્ષિ જોઈએ અને ગુણપદ્મા નહીં ત્રણ છે. સત્વ, રજસ અને તમસમાં, પાંસ તત્ત્વો પૃથ્વી, જળ, આકાશ, પ્રકાશ અને વાયુમાં આપ છો. છઠ્ઠી પંક્તિ 'ષષ્ઠી તું નારાયણી, મહિસાસૂર માયો, નરનારીના રૂપે, વ્યાપ્યા સઘળે મા.' મહિસાસૂર રાક્ષસને મારનારી માં તું નર-નારીના સ્વરુપે સમગ્ર વિશ્વમાં વ્યાપેલી છું. સપ્તમી સપ્ત પાતાળ સાવિત્રી સંધ્યા, ગૌ, ગંગા, ગાયત્રી, ગૌરી ગીતા માં' અતિ પાતાળમાં આપ બિરાજમાન છો. આઠમી પંક્તિ 'અષ્ઠમી અષ્ટ ભૂજા આઈ આનંદ, સુનિવર મુનિવર જન્મ્યા. દેવ દૈત્યો માં...' હણનારી મહાકાલી આઠ ભૂજાવાળી ગણાયા છે. હે મહાકાલી તારી જ કુખે જે દૈત્યો, શુભ-અશુભ તત્તવો શ્રવણ ભક્તિ કરનારા સુનિવર અને મનન ભક્તિ કરનારા મુનિવરો પ્રગટ્યા છે.

'નવમી નવ કુલ નાગ સેવે નવદુર્ગા, નવરાક્ષીના પૂજન, શિવરાત્રીના અર્ચન, કીધા હરબ્રહ્મા' નવેનવ કુળના નાગ આપને ભજે છે અને નવદુર્ગાનું પૂજન કરે છે. શિવ અને બ્રહ્મા પણ આપની સ્તુતિ કરે છે. નવદુર્ગા એટલે અનુક્રમે શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિ. દસમી પંક્તિ. 'દસમી દસ અવતાર જય વિજયા દરમી, રામે રામ રમાડ્યા, રાવણ રોવ્યો માં.' દશેરાના દિવસે રામે રાવણનો વધ કરેલો એટલે જ વિજયાદશમી કહે છે. હે મા, આપની કૃપાથી જ રામે રાવણનો ધ્વંશ કરેલો આગળની પંક્તિ, 'એકાદશી અગિયાર કાત્યાયની કામા, કામદુર્ગા કાલિકા, શ્યામાને રામ' નોરતાની અગિયારમી રાતે કાત્યાયની માનો મહિમા ગવાય છે. શ્યામ એટલે રાધા અને રામા એટલે સીતા બંને આપ જ છો. બારમી પંક્તિ 'બારસે બાળ રૂપ, બહુચરી અંબા મા, બટુક ભૈરવ સોહિયે, કાળ ભૈરવ સોહિયે તારા છે તુજ મા.' બહુચર મા બારસના દિવસે બાળા સ્વરુપે પ્રગટેલા એમ મનાય છે. બટુક ભૈરવ અને કાળભૈરવ એ બધા તારા સેવકો છે. જે તમારી અડખે-પડખે શોભે છે. 'તેરસે તુળજા રૂપ તુ તારિણી માતા, બ્રહ્મા વિષ્ણુ સદાશિવ, ગુણ તારા ગાતા.' હે માં, તારું તેમું સ્વરુપ તુળજા ભવાનીનું છે. જે સર્વજનોને તારે છે, એવી મા તારિણીના ગુણગાન બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ગાય છે. 'ચૌદશે ચૌદારૂપ ચંડી ચામુંડા, ભાવભક્તિ કંઈ આપો, ચતુરાઈ કંઈ આપો સિંહવાહિની માતા' શક્તિનું ચૌદમું સ્વરુપ માં ચામુંડાનું છે. એ ચૌદ ભુવન અને ચૌદ વિદ્યા સ્વરુપોમાં બિરાજમાન છે. એવા સિંહને વાહન તરીકે ધારણ કરનાર મા અમને થોડાં ભાવભક્તિ અને ચૌદ વિદ્યા સ્વરુપોમાં બિરાજમાન છે. એવાં સિંહને વાહન તરીકે ધારણ કરનારા મા, અમને થોડા ભક્તિભાવ અને ચતુરાઈ આપો, 'પુનમે કુંભ ભર્યો, સાંભળજો કરુણા મા, વશિષ્ઠ દેવે વખાણ્યા, માર્કંદ દેવે વખાણ્યાં, ગાયે શુભ કવિતા' પૂનમ એટલે પૂર્ણત, ચંદ્ર પૂરેપૂરો ખીલેલો હોય ત્યારે આમારી વિનંતી અંતરમાં કરુણા ધારીને સાંભળજો. વશિષ્ઠ અને માર્કંડ ઋષિએ અનેક સ્તવનો દ્વારા આપનો મહિમા ગાયો છે. 'ત્રંબાવટી નગરી આઈ, રૂપાવતી નગરી આઈ, મંછાવતી નગરી, સોળ સહસ્ર ત્યાં સોહિયે, ક્ષમા કરો ગૌરી, મા દયા કરો ગૌરી.' અહીં નગરીના નામ તો પ્રતીક છે. હે માં, તમે સર્વત્ર વ્યાપેલા છો. સોળ હજાર ગોપી સ્વરુપ પણ આપનાં છે. પૂજા ભક્તિમાં અમારી કોઈ ભૂલચૂક થઈ હોય તો અમને માફ કરજો. અંતિમ પંક્તિ 'શિવશક્તિની આરતી જે કોઈ ગાશે, ભણે શિવાનંદ સ્વામી, સુખસંપત્તિ થાશે, હર કૈલાશે જાશે, માં અંબા દુખ હરશે, ' આ આરતી જે કોઈ પ્રેમ-ભાવથી ગાશે અને સુખ અને સંપત્તિ પ્રાપ્ત થશે. સ્વર્ગનું સુખ મળશે, શિવ પાર્વતીના ચરણમાં કૈલાસમાં સ્થાન મળશે એવું આરતીના રચયિતા શિવાનંદ સ્વામી કહે છે.